# સુરતમાં નવે.ના અંત સુધીમાં 100 નવી ઈલેક્ટ્રિક બસ દોડતી થશે

**વધતી** વસતીની સામે જાહેર પરિવહનની અછત દૂર કરવા મનપાની કવાયત




સુરતઃ શહેરમાં કુદકે ને ભૂસકે વધતી જતી વસતીની સરખામણીએ સિટીબસ અને બીઆરટીએસ (BRTS) નેટવર્કમાં વાહનોની ઊણપ મુસાફરો માટે વિકટ સમસ્યા બની ગઈ છે. વિવિધ રૂટ પર બસો નિયમિતપણે ન આવતી હોવાની સતત ઉઠતી ફરિયાદો વચ્ચે સુરત મહાનગરપાલિકા દ્વારા પોતાના બસ કાફલાને વિસ્તૃત કરવાની તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. આગામી નવેમ્બર માસના અંત સુધીમાં આશરે 100 નવી ઈલેક્ટ્રિક બસો જાહેર પરિવહન સેવામાં ઉમેરાય તેવી પૂર્ણ શક્યતા છે. આ નવી બસોનો સમાવેશ થતાં જ મનપાની હાલની 674 બસની કુલ સંખ્યા વધીને 774 થઈ જશે, જેનાથી મુસાફરોને મોટી રાહત મળશે.

શહેરીજનોને સુરતના એક ખૂણાથી બીજા ખૂણા સુધી આર્થિક રીતે પરવડે તેવા દરે અને સમયસર વાહનવ્યવહારની સુવિધા મળી રહે તે હેતુથી મનપા દ્વારા સિટીબસ તથા બીઆરટીએસ સર્વિસ પૂરી પાડવામાં આવે છે. જોકે, વસતીના પ્રમાણમાં વાહનો અપૂરતા હોવાથી કેટલાક વિસ્તારોમાં બસોની ફ્રીક્વન્સી ઘટી ગઈ છે અને લોકોને લાંબો સમય બસ સ્ટોપ પર રાહ જોવી પડે છે. આ ઉપરાંત, ટેકનિકલ મેન્ટેનન્સ અને બેટરી રિપ્લેસમેન્ટના કારણે કેટલીક બસો ડેપોમાં પડી રહે છે, જ્યારે નવી બસોની અછતને લીધે જૂની બસો પણ રસ્તા પર દોડાવવાની ફરજ પડી રહી છે. આ 100 નવી ઈલેક્ટ્રિક બસો આવવાથી મનપાને ઓછી બસો ધરાવતા રૂટો પર વાહનો વધારવા તેમજ રૂટોનું નવેસરથી આયોજન કરવાની તક મળશે.

## સંવત્સરી મહાપર્વે ક્ષમાપનાના ભાવથી આત્મશુદ્ધિનો સંદેશ




રામ વિહાર વેસુ તપાગચ્છ જૈન સંઘ દ્વારા શાંતા પ્રભા કમળાબા આરાધના ભવન, વેસુ ખાતે પૂજ્ય આચાર્ય વિજય મહાપદ્મસૂરીશ્વરજી મહારાજની પાવન નિશ્રામાં સંવત્સરી મહાપર્વની ભવ્ય આરાધના કરવામાં આવી હતી. આરાધના, સાધના, તપ, ત્યાગ અને પ્રતિક્રમણ સાથે ઉજવાયેલા પાવન પર્વ દરમિયાન શ્રાવક-શ્રાવિકાઓએ આત્મશુદ્ધિ, ક્ષમાપના અને મૈત્રીભાવનો સંકલ્પ ધારણ કર્યો હતો.

# સ્મીમેરને NABHનું ફુલ એક્રેડિટેશન અપાવવા મનપા રૂ.70 લાખ ખર્ચશે

**એક્રેડિટેશન** મેળવવા માટે મનપાના બજેટમાં પહેલેથી જ નાણાકીય જોગવાઈ કરાઈ હતી

સુરતઃ સુરત મહાનગરપાલિકા દ્વારા સંચાલિત સ્મીમેર હોસ્પિટલની આરોગ્ય સેવાઓની ગુણવત્તા ઉચ્ચ સ્તરે પહોંચાડવા માટે તેને 'નેશનલ એક્રેડિટેશન બોર્ડ ફોર હોસ્પિટલ્સ એન્ડ હેલ્થકેર પ્રોવાઈડર્સ' (NABH) નું પૂર્ણ એક્રેડિટેશન મેળવવાની કવાયત હાથ ધરાઈ છે. આ માપદંડો પૂર્ણ કરવા અર્થે કન્સલ્ટન્સી સર્વિસ રોકવા માટે રૂ.70 લાખના અંદાજિત ખર્ચને મંજૂરી આપવાની દરખાસ્ત હોસ્પિટલ સમિતિમાં મુકાઈ છે. ઉલ્લેખનીય છે કે, આ એક્રેડિટેશન મેળવવા માટે મનપાના બજેટમાં પહેલેથી જ નાણાકીય જોગવાઈ કરાઈ હતી. ત્યારબાદ NABH કમિટીની ભલામણને પગલે રૂ.70 લાખનું આ એસ્ટીમેટ તૈયાર કરાયું હતું, જેને 30 જૂનના રોજ યોજાયેલી મેડિકલ એક્સપર્ટ્સ કમિટીની સર્ક્યુલેટિંગ બેઠકમાં પણ સ્વીકૃતિ આપી મંજૂર કરવાની ભલામણ કરાઈ હતી.

NABHનું ફુલ એક્રેડિટેશન મળવાથી હોસ્પિટલમાં દર્દીઓની ચોક્કસ ઓળખ, ઔષધ સુરક્ષા, ઈન્ફેક્શન કંટ્રોલ, સર્જિકલ સેફ્ટી, મેડિકલ રિસ્ક મેનેજમેન્ટ તેમજ અણબનાવોના રિપોર્ટિંગ જેવી બાબતો અત્યંત મજબૂત બનશે. આ સાથે જ ક્લિનિકલ ઓડિટ, પુરાવા આધારિત સારવાર પ્રણાલી, દર્દીઓની સંમતિ પ્રક્રિયા, તબીબી રેકોર્ડ્સ અને દસ્તાવેજીકરણની ગુણવત્તામાં વ્યાપક સુધારો થશે. મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ હોવાને નાતે અહીં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ અને રેસિડેન્ટ ડોક્ટરોને ક્લિનિકલ ગવર્નન્સ તથા ક્વોલિટી મેનેજમેન્ટનું ઉત્કૃષ્ટ પ્રાયોગિક શિક્ષણ મળશે. તદુપરાંત, આ એક્રેડિટેશનથી સ્મીમેર હોસ્પિટલને વિવિધ વીમા કંપનીઓ, TPA અને સરકારી સ્વાસ્થ્ય યોજનાઓ સાથેનું એમ્પેનલમેન્ટ મેળવવામાં પણ મોટી મદદ મળશે.

## 1994થી ચાલતા અંબાનગરના ગણેશોત્સવમાં આ વર્ષે શીશમહેલની થિમ



અંબાનગર ખાતે આવેલું શિવકૃપા સાર્વજનિક બાળ ગણેશમંડળ દ્વારા વર્ષ-1994થી ગણેશજીની સ્થાપના કરવામાં આવે છે. વર્ષ-2022માં 'શિશ મહેલ'ની થિમ રજૂ કરવામાં આવી હતી, ત્યારબાદ 2023માં 'દીપ મહેલ'ની ભવ્ય થિમ તૈયાર કરવામાં આવી હતી. 2024માં 'હીરા મહેલ' તૈયાર કર્યો હતો, જેમાં સમગ્ર સુરત શહેરમાં પ્રથમ ક્રમ મેળવી સૌનું ધ્યાન ખેંચ્યું હતું. 2025માં 'સુવર્ણ મહેલ'ની થિમ રજૂ કરી હતી. હવે 2026માં 'સ્વર્ગ મહેલ'ની થિમ સાથે મંડળની નજર ફરી પ્રથમ સ્થાન પર છે.

# સેફ: ગણેશ મંડળોએ ઉતાર્યો કરોડોનો વીમો

**સોના-ચાંદીના** શણગારથી માંડી ગણપતિની મૂર્તિ, પંડાલ, મિલકત અને ભક્તોની સુરક્ષા સુધી ઓલ-ઇન-વન પોલિસી, અકસ્માત-હોનારત સામે પણ કવચ

### પંડાલોમાં મોટી આગ જેવી ઘટનાને લઈ આયોજન

ભવ્ય થીમ આધારિત પંડાલોમાં મોટી સંખ્યામાં લોકોની અવરજવર રહેતી હોવાથી આગ, અકસ્માત કે અન્ય અનિચ્છનીય ઘટનામાં આર્થિક નુકસાન ન થાય તે માટે મંડળો આગોતરું આયોજન કરી રહ્યા છે.

સુરતઃ ગણેશોત્સવની ઉજવણી દરમિયાન ભવ્ય પંડાલો અને લાખોની સંખ્યામાં ઉમટતા ભક્તોની સુરક્ષા હવે ગણેશ મંડળો માટે સૌથી મોટી પ્રાથમિકતા બની છે. શહેરમાં બાપ્પાની સ્થાપના કરનારા અનેક મંડળોએ સુરક્ષાને ધ્યાનમાં રાખીને કરોડો રૂપિયાનુ વીમા કવચ લીધું છે. ઓલ-ઇન-વન વીમા પોલિસીમાં ગણપતિની મૂર્તિ, સોના-ચાંદીના શણગાર, પંડાલ, મંડળની મિલકત અને અન્ય કિંમતી સામાન ઉપરાંત ભક્તો, સ્વયંસેવકો તથા સ્ટાફને અકસ્માત કે અન્ય હોનારત સામે સુરક્ષા આપવામાં આવી છે.

અડાજણ વિસ્તારમાં છેલ્લા 15થી વધુ વર્ષથી ગણેશજીની સ્થાપના કરતા ફાયટર ગ્રુપના હર્ષ મહેતાએ જણાવ્યું હતું કે, આ વર્ષે મંડળ દ્વારા સુરક્ષાને ધ્યાનમાં રાખીને પંડાલથી માંડીને અન્ય તમામ વસ્તુઓનો વીમો ઉતારવામાં આવ્યો છે. કુલ રૂ.2 કરોડનું વીમા કવચ લેવામાં આવ્યું છે. કિંમતી સંપત્તિના રક્ષણ માટે તેઓ છેલ્લા ઘણા વર્ષોથી નિયમિત રીતે વીમો ઉતરાવતા હોવાનું તેમણે જણાવ્યું હતું.

અલથાણ-ભટાર રોડ પર છેલ્લા 25 વર્ષથી ગણેશજીની સ્થાપના કરતા સાઈ રામ યુવક મંડળના મુખ્ય આયોજક કમલ મેવાવાળાએ જણાવ્યું હતું કે, પંડાલ કે અન્ય વ્યવસ્થામાં કોઈ અનિચ્છનીય ઘટના બને તો આર્થિક નુકસાન સામે રક્ષણ મળી રહે તે માટે આ વર્ષે રૂ.1 કરોડનું વીમા કવચ લેવામાં આવ્યું છે. સાથે જ ફાયર સેફ્ટીની પણ અલગથી વ્યવસ્થા કરવામાં આવે છે. ભટાર ચાર રસ્તા પાસે ગણેશજીની સ્થાપના કરતાં ઠાકુરજી સેવા સમિતિના આગેવાન રવિભાઈ ગોસ્વામીએ જણાવ્યું હતું કે, ભીડને ધ્યાનમાં રાખીને પંડાલ, ઉપકરણો તથા અન્ય વ્યવસ્થાથી કોઈને નુકસાન ન થાય તે માટે દર વર્ષે રૂ.50 લાખનું વીમા કવચ લેવામાં આવે છે. ગણેશોત્સવમાં ભક્તિ સાથે ભવ્યતા વધી રહી છે ત્યારે મંડળો હવે માત્ર પંડાલ અને શણગાર પાછળ જ નહીં, પરંતુ સુરક્ષા માટે પણ મોટું આર્થિક આયોજન કરી રહ્યા છે. જેથી જો કોઈ અનહોની થાય તો તેને પહોંચી વળાય.

## 2006ના પૂર બાદ સુરતની સલામતી માટે તાપીના ધસમસતા પ્રવાહ વચ્ચે 'વિઘ્નહર્તા'



રાંદેરના પાંચ પીપળા મહોલ્લાના માછીમાર સમાજ દ્વારા તાપી નદીના વહેતા પ્રવાહની વચ્ચે શ્રીજીની સ્થાપના કરવામાં આવી છે. વર્ષ 2007માં આવેલા વિનાશક પૂર બાદ સમાજ દ્વારા લેવાયેલી બાધા વર્ષો બાદ પણ અવિરત રીતે નિભાવવામાં આવી રહી છે. આ વર્ષે શ્રીજીની પ્રતિમામાં ભગવાન વાસુદેવ શ્રીકૃષ્ણને ટોપલામાં બેસાડી યમુના પાર કરાવવાના પ્રસંગની થીમ રજૂ કરવામાં આવી છે, જે શ્રદ્ધાળુઓમાં વિશેષ આકર્ષણ જમાવી રહી છે. પાંચ પીપળા સ્ટ્રીટ, રાંદેરના ગણેશ મંડળના આયોજક ગૌરવ અજયભાઈ સેલારે જણાવ્યું હતું કે, ગણેશોત્સવ પૂર્ણ થયા બાદ પણ શ્રીજીનું તાપીમાં વિસર્જન કરવામાં આવતું નથી.

## સાયબર છેતરપિંડીનો અનોખો સંદેશ આપતા રોયલ ગ્રુપના ગણેશ



ગણેશોત્સવમાં ભક્તિ સાથે સામાજિક જાગૃતિનો સંદેશ આપવાની પરંપરામાં રોયલ ગ્રુપે આ વર્ષે વધતી જતી સાયબર છેતરપિંડીને મુખ્ય વિષય બનાવ્યો છે. અભિયાન અંતર્ગત જીવંત કલાકારો દ્વારા વિવિધ પ્રકારની ઓનલાઈન છેતરપિંડીના કિસ્સાઓનું નાટ્યાત્મક પ્રસ્તુતીકરણ કરવામાં આવ્યું છે.લોકોને મનોરંજન સાથે સાયબર છેતરપિંડીથી બચવા માટેની સાવચેતીનો મહત્વપૂર્ણ પાઠ પણ મળશે.

## ગણેશોત્સવનાં ફૂલો મનપાને આપો, વધુ હશે તો વાહન આવશે

સુરતઃ ગણેશોત્સવ દરમિયાન પર્યાવરણની જાળવણી અને સ્વચ્છતા પ્રત્યે જાગરૂકતા દાખવતા સુરત મહાનગરપાલિકા દ્વારા ગણેશ ભક્તો માટે એક ખાસ અપીલ કરવામાં આવી છે.'ભગવાનની ભક્તિ, પ્રકૃતિ માટે પણ એક ભેટ'ના સંદેશ સાથે મનપાએ જણાવ્યું છે કે ગણેશ મંડપો અને પંડાલોમાં એકત્ર થતાં વપરાયેલાં ફૂલોને કચરામાં કે વેસ્ટમાં ફેંકવાને બદલે અલગ રાખીને નજીકની વોર્ડ ઓફિસ ખાતે જમા કરાવો. એકત્ર કરાયેલા આ ફૂલો પર સુરત મહાનગરપાલિકા સંચાલિત વર્મી કમ્પોસ્ટ પ્લાન્ટ ખાતે ખાસ પ્રક્રિયા કરીને તેમાંથી ઉત્કૃષ્ટ ગુણવત્તાયુક્ત સેન્દ્રીય ખાતર બનાવવામાં આવશે, જે મોટા ગણેશ પંડાલોમાં પૂજા-અર્ચના બાદ ફૂલોનો જથ્થો વધુ પ્રમાણમાં હોય, તેઓએ નજીકની વોર્ડ ઓફિસનો સંપર્ક કરવાનો રહેશે, જેથી જરૂરિયાત મુજબ મનપા દ્વારા જથ્થાબંધ ફૂલોના ઉઠાવ માટે વાહનની વ્યવસ્થા કરવામાં આવશે.

## હિન્દુ મિલન મંદિરના ગણેશોત્સવમાં હવે પંચધાતુની એક જ મૂર્તિની સ્થાપના

સુરતઃ ગણેશોત્સવમાં વધી રહેલી દેખાદેખી અને અતિરેક ને નિયંત્રિત કરવા ગોપીપુરા સ્થિત ભારત સેવાશ્રમ સંઘ સંચાલિત હિન્દુ મિલન મંદિર દ્વારા હવે દર વર્ષે પંચધાતુની એક જ ગણેશ પ્રતિમાની સ્થાપના કરવાનો નિર્ણય લેવાયો છે. સુરતમાં ગણેશોત્સવની શરૂઆત ભારત સેવાશ્રમ સંઘના હિન્દુ મિલન મંદિરની વ્યાયામશાળામાં સ્વામી પ્રણવાનંદ મહારાજે કરી હતી. વર્ષોથી અહીં એકસરખા માપની બેઠકવાળી માટીની મૂર્તિ સ્થાપી ધામધૂમથી વિસર્જન યાત્રા યોજાતી હતી. જોકે, ઉત્સવમાં વધતી હોડને ધ્યાનમાં રાખી સ્વામી અમરીષાનંદજીએ હવે માટીની મૂર્તિની જગ્યાએ પંચધાતુની પ્રતિમા સ્થાપવાનો નિર્ણય કર્યો છે. આજે તા. 15 મંગળવારે સૂર્યોદયની ચતુર્થી મુજબ પંચધાતુની પ્રતિમાની સ્થાપના પૂજા દીપક આફ્રિકાવાળા અને જાગૃતિ દીપક આફ્રિકાવાળાએ સંપન્ન કરી હતી.

## ગણેશ પંડાલમાં કંડારી તાજેતરની 'પોદ્દાર આર્કેડ'માં થયેલી હોનારતની થિમ



તાજેતરમાં ધોધમાર વરસાદ અને ખાડીપૂરને કારણે અનેક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. આ કુદરતી આફતમાં વરાછા વિસ્તારના પોદ્દાર આર્કેડના ગ્રાઉન્ડ ફ્લોરના દુકાનદારોને ભારે નુકસાન સહન કરવું પડ્યું હતું. આ ઘટનાને ગણેશોત્સવની થીમના માધ્યમથી રજૂ કરવાનો અનોખો પ્રયાસ કઠોદરાની શુકનવેલી રેસિડેન્સીમાં કરવામાં આવ્યો છે. શુકનવેલી યુવા ગ્રુપ દ્વારા તૈયાર કરાયેલા વિશાળ 80 ફૂટના ગણેશ પંડાલમાં પોદ્દાર આર્કેડની આબેહૂબ થીમ ઊભી કરવામાં આવી છે. પંડાલમાં વરસાદ અને ખાડીપૂરના કારણે સર્જાયેલી પરિસ્થિતિને કલાત્મક રીતે દર્શાવવામાં આવી છે.





અંકુર પટેલ, પ્રિયંક, પંકજ, વિરલ, વેદ, સમર્થ, ઉજ્જવલ, અયાંશ, મોટી ફળિયું યુવક મંડળ, પાલ ગામ


ફેરી પટેલ, રિદ્ધિ-સિદ્ધિ ગ્રુપ, મગદલ્લા


જૈનિશ પટેલ, શ્રીધર હાઉસ, પીપલોદ


દીપલ નિકુંજ બારડોલીવાલા, ઉધના


નિકુલ, એકતા, સ્વરા અને મિષ્ટી, ભાઠેના-૨, સુરત



અલકા કેતન શાહ, સેક્રેમેન્ટો, USA


પ્રિયંકા ચશ્માવાળા, ઉધના, સુરત


રવિ ભીખાભાઈ વાઘેલા, ૨૭-કુબેર પાર્ક સોસાયટી, વેડ રોડ, સુરત


રાધિકા અને પરિમલ શર્મા, સ્ટેમસેલ બિલ્ડિંગ, નવી સિવિલ હોસ્પિટલ, મજૂરા ગેટ


જીત મહુડીવાલા, લલિતા પાર્ક સોસાયટી, કતારગામ


રામચંદ્ર જરીવાલા, જલારામનગર, બમરોલી રોડ, ઉધના


વત્સલ નાયક, અંબાજી રોડ, ચોર્યાસી ડેરી પાસે, સુરત


જીયા પટેલ, ૨૮, આભૂષણ, સુમુલ ડેરી રોડ, સુરત


સોનાલી અને હેતસ્વી, શ્રીપદ સેલિબ્રેશન્સ, ગૌરવપથ, પાલનપુર, સુરત


વિશાલ જરીવાલા, સાર્વજનિક ગણેશ ઉત્સવ, સગરામપુરા


વિષ્ણુ જરીવાલા, હનિષ્કા, નવ્ય, સગરામપુરા મેઈન રોડ


જાદવ પરિવાર, સિલ્વરસ્ટોન વિલા, દાંડી રોડ, સુરત


પ્રતીક કાપડી, કાશી નગર ચા રાજા, ઉધના


દીયાન કંસારીવાળા, ઇકો-ગ્રેનડીઓર, વેસુ,


વિહા અને ધનવી - અશોક નગર, અઠવાલાઇન્સ, સુરત


અંજલિ યશ લાકડાવાળા, સી-૧, શાંતિ નગર સોસાયટી-3, પ્રાઇમ આર્કેડ પાસે, સુરત


ચંદ્રીકા મહેતા, યમુના રો હાઉસ, અડાજણ